પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨૭ | ૨૮ ઓક્ટોબર, ૨૦૧૭, શનિવાર ; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## કાશ્મીરમાં દેખાવકારો સામે લાલઆંખ

**સંપત્તિ નુકસાનની વસુલી દેખાવકારો પાસેથી કરાશે : વારંવાર થતાં હિંસક વિરોધ પ્રદર્શન વેળા થતાં સંપત્તિ નુકસાનને રોકવાના હેતુસર વટહુકમ જારી : દેખાવકારો ઉપર દંડની સાથે જેલની સજાની જોગવાઈ**



નવી દિલ્હી,તા. ૨૭

જમ્મુ કાશ્મીરમાં વારંવાર થઈ રહેલા વિરોધ અને હિંસક પ્રદર્શન વચ્ચે જાહેર સંપત્તિઓને ભારે નુકસાન થાય છે પરંતુ હવે સરકાર દેખાવકારોની સામે કઠોર હાથે કામ કરવા વિચારી રહી છે. જેના કારણે જાહેર સંપત્તિને નુકસાનને ટાળી શકાશે. જે લોકો સાર્વજનિક સંપત્તિને નુકસાન કરી રહ્યા છે તેમની સામે કેન્દ્ર સરકારે લાલ આંખ કરી છે. જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ એનએન વ્હોરાએ રાજ્ય સરકારના એવા વટહુકમને મંજુરી આપી દીધી છે જે હેઠળ હડતાળ અથવા તો દેખાવ દરમિયાન જાહેર સંપત્તિને થયેલા નુકસાનની ભરપાઈ દેખાવકારો પાસેથી જ કરવામાં આવશે. એક અધિકારિક પ્રવક્તાએ કહ્યું છે કે, દેખાવકારો ઉપર દંડની સાથે સાથે પાંચ વર્ષની જેલની સજા પણ ફટકારવામાં આવશે. જમ્મુ અને કાશ્મીર પબ્લિક પ્રોપર્ટી ઓર્ડિનન્સ ૨૦૧૭ હેઠળ જાહેર સંપત્તિને નુકસાન સાથે સંબંધિત વર્તમાન કાયદામાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આ વટહુકમ તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવશે. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું

● અનુસંધાન પાન-૬ પર

## હિમાચલમાં ધરતીકંપના આંચકાથી ભારે દહેશત

**રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૪ નોંધાઇ : મંડી જિલ્લામાં આંચકા બાદ લોકો ભયના કારણે ઘરની બહાર દોડ્યા**

મંડી,તા. ૨૭

હિમાચલપ્રદેશમાં આજે સવારે ભૂકંપના આંચકાના કારણે વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો ઘરની બહાર દોડી ગયા હતા. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે સવારમાં આ આંચકો આવ્યો હતો. રાજ્યના મંડી જિલ્લામાં આ આંચકો આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ નોંધાઈ હતી. સવારે ૮.૧૦ વાગ્યાની આસપાસ આ આંચકો આવ્યો હતો. ભૂકંપના કારણે જાનમાલનુ કોઈ નુકસાન થયુ નથી. હિમાચલ પ્રદેશ અર્થક્વેક ઝોન હેઠળ આવે છે. અહીં વારંવાર આંચકા આવતા રહે છે. કાનગરા ખીણમાં વર્ષ ૧૯૦૫માં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો. જેમાં ૨૦૦૦૦થી પણ વધારે લોકોના મોત થયા હતા. હિમાચલ પ્રદેશની સાથે સાથે દેશના કેટલાક ભાગોમાં હાલના મહિનાઓમાં આંચકા આવતા રહ્યા છે. આ આંચકાઓના કારણે ટિકા ટિપ્પણી પણ થતી રહી છે.

## ન્યુઝ ટ્રેક

### જાણીતા પત્રકાર વિનોદ વર્માની ધરપકડ

જાણીતા પત્રકાર વિનોદ વર્માની છત્તીસગઢ પોલીસે તેમના ગાઝિયાબાદના ઈન્દિરાપુરમ વિસ્તાર ખાતેના નિવાસસ્થાનેથી ધરપકડ કરી છે. વર્માની બ્લેકમેઈલિંગ અને ખંડણી વસૂલીના કેસમાં ધરપકડ કરાઈ છે. હાલ તેમને ઈન્દિરાપુરમ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યાં છે.

### યોગીના આવાસ બહાર પિસ્તોલ સાથે એક જબ્બે

ઉત્તર પ્રદેશ પોલીસે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિવાસ સ્થાનની બહાર સ્વદેશી પિસ્તોલ સાથે એક શખ્સની ધરપકડ કરી લીધી છે. ઝડપાયેલા શખ્સની આકરી પુછપરછ હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભમાં વધુ વિગતો હજુ સુધી મળી શકી નથી.

### બદલ સંજય દત્તની સામે સમન્સ

બોલીવુડના સ્ટાર અભિનેતા સંજય દત્તની મુશ્કેલીમાં વધારો થયો છે. કારણ કે, ઉત્તર પ્રદેશમાં અદાલતે સંજય દત્તની સામે માયાવતીને જાદુ કી ઝપ્પીના મામલામાં સમન્સ જારી કરી દીધું છે. વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણી દરમિયાન પ્રચાર દરમિયાન બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીને જાદુ કી ઝપ્પી નિવેદન બદલ સંજય દત્તની સામે આ સમન્સ જારી કરવામાં આવ્યું છે.

## સુપ્રિમના મહાકાલના જલાભિષેક માટેના નવા નિયમો

**મહાકાલનો અભિષેક માત્ર આરઓના પાણીથી જ થશે : સાત જ્યોતિર્લિંગ પર શ્રદ્ધાળુઓ દૂધ-પંચામૃતથી અભિષેક ન કરી શકે : સુપ્રીમ**

ન્યુ દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશના ઉજ્જૈન સ્થિત મહાકાલ મંદિરમાં જલાભિષેક માટે નવા નિયમોને મંજૂરી આપી છે. નવા નિયમ મુજબ હવે મહાકાલમાં જલાભિષેક માટે આરઓના મિનરલ પાણીનો જ ઉપયોગ કરી શકાશે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર શ્રધ્ધાળુ અડધો લીટર પાણીનો જ ઉપયોગ કરી શકશે, તેની સાથે સવા લીટર પંચામૃતનો ઉપયોગ કરવા આદેશ આપ્યો છે. કોર્ટે નિર્ણયમાં કહ્યું કે, અભિષેક બાદ શિવલિંગને સુતરાઉના કપડાંથી ઢાંકવું પણ પડશે. આ મામલે વિરોધ નોંધાવવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. આ મામલે આગામી સુનાવણી ૩૦ ઓક્ટોબરના રોજ થશે.

ઉજ્જૈનના જ્યોતિલિંગ શિવલિંગ પર પંચામૃતનો અભિષેક થવો જોઈએ કે નહીં અને તેનું પ્રમાણ કેટલું હોવું જોઈએ તેનો ફેંસલો સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવ્યો છે. શિવલિંગ પર ચઢાવાતાં પદાર્થોના કારણે શિવલિંગનો આકાર નાનો થયો હોવાનો લઈને દાખલ થયેલી એક અરજી પર કોર્ટના આદેશથી બનેલી એક્સપર્ટની કમિટી જ્યોતિલિંગની તપાસ કરી ચૂકી છે. કમિટીએ પંચામૃતનું પ્રમાણ નક્કી કરવાની ભલામણ કરી હતી.

● અનુસંધાન પાન-૬ પર






## રેલ્વે નેટવર્કનું ૩૫૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ઈલેક્ટ્રીફિકેશન

**યોજના ચાર વર્ષમાં પૂર્ણ થશે : હાલ ૬૬૦૦૦ હજાર કિલોમીટરના રેલ નેટવર્કનું ઇલેક્ટ્રીફિકેશન કામ બાકી છે**

નવી દિલ્હી,તા.૨૭

ભારતીય રેલવે આગામી ચાર વર્ષમાં ૩૫૦૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરીને પોતાના નેટવર્કના ઈલેક્ટ્રીફિકેશન કરવા માટે તૈયાર છે. ઈલેક્ટ્રીફિકેશન બાદ રેલવે વાર્ષિક ફ્યુઅલ પૈકી ૧૦૫૦૦ કરોડ રૂપિયા બચાવી લેશે. હાલમાં ૬૬૦૦૦ હજાર કિલોમીટરના રેલ નેટવર્ક પર ઈલેક્ટ્રીફિકેશનનું કામ બાકી છે. રેલવે બોર્ડના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, રેલવે આના માટે પોતાના સંશાધનોથી ફંડ એકત્રિત કરશે. હજુ સુધી દેશમાં અડધાથી વધારે રેલવે ટ્રેક પર ઈલેક્ટ્રીફિકેશનનું કામ કરવામાં આવ્યું છે. અધિકારીઓના કહેવા મુજબ સંપૂર્ણપણે ઈલેક્ટ્રીફિકેશન કરવા માટે ૨૦૨૧ સુધી લક્ષ્ય રાખવામાં આવ્યું છે. અમારી પાસે ઈંધણને લઈને વાર્ષિક બિલ ૨૬૫૦૦ કરોડ રૂપિયાથી ઘટીને ૧૬૦૦૦ કરોડ પર થઈ જશે. આ કામ માટે ઈરકોન, રાઈટ્સ, પીજી, પીજીસીઆઈએલ જેવી સરકારી એજન્સીઓ ઉપરાંત કેટલીક પ્રાઈવેટ એજન્સીની મદદ પણ લેવામાં આવશે. ઈલેક્ટ્રીફિકેશન પ્રક્રિયાને ઝડપી કરવા માટે રેલવે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરનાર છે. આમા વૈશ્વિક કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. રેલવેમંત્રી પીયુષ ગોયેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

● અનુસંધાન પાન-૬ પર










